GOVERNMENT BBA COLLEGE (SELF FINANCE)
(Affiliated to Gujarat University)
Shri K.K. Shastri Educational Campus, Khokhra Road, Maninagar (East),
Ahmedabad-380008 Phone:079-22933660
Website: www.gbbamaninagar.org Email: principalgbba@gmail.com

# ડિજિટલ ગુજરાત સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) અંગે સુચના

આથી અત્રેની કોલેજમાં શૈક્ષણિક વર્ષ: 2025-26 માં અભ્યાસ કરતા B.B.A સેમેસ્ટર:- 1 અને 3 અને 5 તેમજ ના વિદ્યાર્થીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ: 2025-26 માં SC/ST/OBC/PH કેટેગરી ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) ના ફોર્મ ભરાવવાના શરુ થઇ ગયેલ છે. જેમાં SC/ST કેટેગરી માટે તા.15/07/2025 થી તા.31/08/2025 અને OBC (SEBC) કેટેગરી માટે તા.17/07/2025 થી તા.30/09/2025 સુધીમાં DIGITAL GUJARAT ની વેબસાઈટના માધ્યમથી ઓનલાઇન અરજી ભરવાની રહેશે. અત્રેની કોલેજનાં અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જેવા કે, (1) અનુસૂચિત જાતિ(SC), (2) અનુસૂચિત જનજાતિ(ST), (3) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(OBC/SEBC), અને (4) દિવ્યાંગ(PH) ના વિદ્યાર્થીઓએ ડિજિટલ ગુજરાત વેબપોર્ટલ પર ઓનલાઇન સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) માટે https://www.digitalgujarat.gov.in વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

કોલેજના પ્રથમ વર્ષ B.B.A. સેમેસ્ટર:- 1 ના વિદ્યાર્થીઓએ સ્કોલરશીપ (શિષ્યવૃતિ) યોજના માટે (FRESH) ફોર્મ ભરવાના રહેશે. જે માટે ડિજિટલ ગુજરાત વેબપોર્ટલ પર ફરજિયાત નવું રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. કોલેજના દ્વિતિય તેમજ તૃતીય વર્ષ B.B.A . સેમેસ્ટર:- 3 અને 5 ના વિદ્યાર્થીઓએ ગત વર્ષે: 2024-25 માં મેળવેલ શિષ્યવૃતિના ફોર્મને ઓપન કરી વર્ષ: 2025-26 કરીને RENEWAL પર ક્લિક કરી જરૂરી સુધારા સાથે ફરીવાર ફોર્મ સબમિટ કરવાનું રહેશે. પોર્ટલ પર દર્શાવેલ તમામ સૂચનાઓ અને નિયમો ધ્યાનપૂર્વક વાંચી, સમજી રજિસ્ટ્રેશન પ્રક્રિયા નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. ઉપરોક્ત લિંક પર ક્લિક કરી, વિદ્યાર્થીઓએ તમામ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી, સમજી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. સ્કોલરશીપનું ફોર્મ https://www.digitalgujarat.gov.in Scholarship Portal પર, ઓનલાઇન સબમિટ કર્યા બાદ વિદ્યાર્થીએ સ્કોલરશીપના ફોર્મની પ્રિન્ટ તેમજ જરૂરી ડોક્યુમેન્ટ નોટીસમાં દર્શાવ્યા મુજબ ક્રમ પ્રમાણે ગોઠવી દરેક ડોક્યુમેન્ટ ઉપર વિદ્યાર્થીની પોતાની સહી કરી એક (01) સેટ બનાવીને વિદ્યાર્થીએ રૂબરૂ અત્રેની કોલેજ ખાતે તા.18/08/2025 થી તા.20/08/2025 સુધીમાં સમય:- 09:30 થી 12:00 દરમિયાન (Room No.-113) માં જમા કરાવવાના રહેશે. જે અંગેની જવાબદારી વિદ્યાર્થીઓની પોતાની રહેશે.

દરેક વિદ્યાર્થીએ સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) ફોર્મનો પોતાનો USER ID તેમજ PASSWORD ફરજીયાત પોતાની પાસે રાખવાનો રહેશે. તેમજ સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) ફોર્મમાં દર્શાવેલ મોબાઈલ નંબર ચાલુ હાલતમાં રાખવાનો રહેશે.

Government B.B.A. College (Self-Finance) Ahmedabad

(ડૉ.યોગેશ યાદવ)
આચાર્ય
સરકારી બીબીએ કોલેજ (સ્વ-નિર્ભર)
મણિનગર(પૂર્વ), અમદાવાદ

## :: B.B.A. STUDENT ACADEMIC DETAILS ::

| |
|---|
| Present Course/Class/Trade Type: **BBA** |
| Present Course/Class/Trade Name: |
| Present Course/Class/Trade Year: **1st Year (1st Semester / 2nd Semester)**<br>**(ફક્ત પ્રથમ વર્ષના વિદ્યાર્થી માટે)** |
| Present Course/Class/Trade Year: **2nd Year (3rd Semester / 4th Semester)**<br>**(ફક્ત બીજા વર્ષના વિદ્યાર્થી માટે)** |
| Present Course/Class/Trade Year: **3rd Year (5th Semester / 6th Semester)**<br>**(ફક્ત ત્રીજા વર્ષના વિદ્યાર્થી માટે)** |
| Studying In: **Gujarat** |
| Enrollment No: **કઈપણ લખવું નહી (પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે)** |
| Enrollment No: યુનિવર્સિટી માર્કશીટમાં આપેલ હોય તે લખવું (બીજા અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે) |
| Present Institute District: **Ahmedabad** |
| Admission Type: **Regular Paid Seat (Self-Finance)** |
| Present Institute: **K. K. Shashtri Government BBA College** (સિલેક્ટ કરવું) |
| Present Branch Course: |
| Present Class Start Date: **01/07/2025 (ફક્ત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે)** |
| Present Class Start Date: **17/06/2025 (ફક્ત બીજા અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ માટે)** |
| Present Course Completion Date: **25/04/2026** |

## :: B.B.A. FEES DETAILS ::

| FEES | (FIRST YEAR) | (SECOND YEAR) | (THIRD YEAR) |
|---|---|---|---|
| Admission Fees (Rs) | **00** | **00** | **00** |
| Tution Fees (Rs) | **14000/-** | **14000/-** | **14000/-** |
| Misc.Fees(Nonrefundable Fees) | **1635/-** | **305/-** | **305/-** |
| Exam Fees (Rs) | **1350/-** | **1350/-** | **1350/-** |

Principal
Government B.B.A. College (Self-finance)
Maninagar (E), Ahmedabad.

# :: B.B.A ના વિધાર્થીઓ માટે ડોક્યુમેન્ટ લીસ્ટ ::

**(તમામ ડોક્યુમેન્ટ ઓરીજીનલ PDF ફોરમેટમાં જ અપલોડ કરવાના રહેશે)**

| ક્રમ | ડોક્યુમેન્ટની વિગત |
|---|---|
| 1 | જાતિનું પ્રમાણપત્ર (ફરજીયાત)* |
| 2 | બેંક પાસબુક (ફરજીયાત)* (બેંક ખાતા સાથે ફરજીયાત આધાર નંબર લીંક હોવો જોઈએ) |
| 3 | ફી રસીદ (ચાલુ વર્ષના અભ્યાસક્રમની) - (ફરજીયાત)*<br>❖ (પ્રથમ વર્ષ (First Year) ના વિધાર્થી માટે સેમેસ્ટર – 1 ની ફી રસીદ અપલોડ કરવી)<br>❖ (દ્વિતીય વર્ષ (Second Year) ના વિધાર્થી માટે સેમેસ્ટર – 3 ની ફી રસીદ અપલોડ કરવી)<br>❖ (તૃતીય વર્ષ (Third Year) ના વિધાર્થી માટે સેમેસ્ટર – 5 ની ફી રસીદ અપલોડ કરવી) |
| 4 | આવકનું પ્રમાણપત્ર (ફરજીયાત)* - (પિતા હયાત ન હોય તો પરિવારના કોઈપણ એક સભ્યનો આવકનો દાખલો અપલોડ કરવો. વિધાર્થી પોતાનો આવકનો દાખલો રજુ કરી શકશે નહિ.) |
| 5 | ધોરણ-10 ની માર્કશીટ (ફરજીયાત)* |
| 6 | શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર (ફરજીયાત)* |
| 7 | જો પિતા હયાત ન હોય તો (પિતાના મરણ અંગેનો દાખલો) અપલોડ કરવો - (ફરજીયાત)* |
| 8 | ધોરણ-12 ની માર્કશીટ (ફરજીયાત)* |
| 9 | છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ (ફરજીયાત)*<br>➢ (દ્વિતીય વર્ષ (Second Year) ના વિધાર્થી માટે સેમેસ્ટર – 1 અને 2 ની માર્કશીટ અપલોડ કરવી)<br>➢ (તૃતીય વર્ષ (Third Year) ના વિધાર્થી માટે સેમેસ્ટર – 3 અને 4 ની માર્કશીટ અપલોડ કરવી) |
| 10 | ગેપ એફીડેવિટ (ફરજીયાત)* - (જો વિધાર્થીને અભ્યાસમાં ગેપ પડેલ હોય તો તેવા વિધાર્થીએ ગેપ એફીડેવિટ અપલોડ કરવાનું રહેશે.) |
| 11 | નોન ક્રિમીલેયર ફક્ત (SEBC) - (ફરજીયાત)* |
| 12 | રેશનકાર્ડ (ફરજીયાત)* |
| 13 | આધાર કાર્ડ (ફરજીયાત)* |

Principal
Government B.B.A. College (Self-finance)
Maninagar (E), Ahmedabad.

# GOVERNMENT BBA COLLEGE (SELF FINANCE)

(Affiliated to Gujarat University)

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road, Maninagar (East), Ahmedabad-380008 Phone:079-22933660

Website: www.gbbamaninagar.org Email: principalgbba@gmail.com


તા.26/07/2025

## :: ફક્ત SC/ST કેટેગરીના ફ્રી-શીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓ માટે ખાસ સૂચના ::

**શૈક્ષણિક વર્ષ: 2025-26 માં અત્રેની સરકારી બીબીએ કોલેજ (સ્વ-નિર્ભર) માં અભ્યાસ કરતા SC/ST કેટેગરી ધરાવતા જે વિદ્યાર્થીની પાસે ફ્રી-શીપ કાર્ડ છે. તેવા વિદ્યાર્થીએ ઓરીજનલ ફ્રી-શીપ કાર્ડમાં દર્શાવેલ સ્કોલરશીપની સ્કીમમાં જ ફોર્મ ભરવાનું રહેશે. જો વિદ્યાર્થી કોઇ બીજી સ્કીમમાં ફોર્મ ભરશે અને સ્કોલરશીપ ઓછી આવશે કે લેઇટ આવશે કે નહી આવે તો તેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.** કોલેજની કોઈ જવાબદારી રહેશે નહિ. **તેમજ જે વિદ્યાર્થીની પાસે ફ્રી-શીપ કાર્ડ છે તેવા વિદ્યાર્થીઓએ સમયમર્યાદામાં સ્કોલરશીપનું ફોર્મ ભરી કોલેજ ખાતે જરૂરી ડોકયુમેન્ટ સાથે રૂબરૂ સબમિટ કરાવવાનું રહેશે.** જેની SC/ST કેટેગરીના ફ્રી-શીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ ગંભીર નોંધ લેવાની રહેશે.

(ડૉ. યોગેશ યાદવ)

આચાર્ય

સરકારી બીબીએ કોલેજ (સ્વ-નિર્ભર)

મણિનગર (પૂર્વ), અમદાવાદ

GOVERNMENT BBA COLLEGE (SELF FINANCE)
(Affiliated to Gujarat University)
Shri K.K. Shastri Educational Campus, Khokhra Road, Maninagar (East),
Ahmedabad-380008 Phone:079-22933660
Website: www.gbbamaninagar.org Email: principalgbba@gmail.com

## ડિજિટલ ગુજરાત સ્કોલરશીપનાં ફોર્મ ભરતા પહેતા નીચે મુજબના મુદ્દાઓ ખાસ અનુસરવાના રહેશે

અત્રેની સરકારી બીબીએ કોલેજ (સ્વ-નિર્ભર) મણિનગર (પૂર્વ), અમદાવાદ ખાતે શૈક્ષણિક વર્ષ: 2025-26 માં અભ્યાસ કરતા **SC/ST/OBC/PH કેટેગરી** ધરાવતા **વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક વર્ષ: 2025-26 માટે ડિજિટલ ગુજરાત સ્કોલરશીપનાં ઓનલાઇન ફોર્મ ભરવા માટેનું પોર્ટલ શરૂ થઇ ગયેલ છે. જે ઓનલાઈન ફોર્મ SC/ST કેટેગરી માટે તા.15/07/2025 થી તા.31/08/2025 અને OBC (SEBC) કેટેગરી માટે તા.17/07/2025 થી તા.30/09/2025 સુધીમાં ભરવાનાં રહેશે.** ડિજિટલ ગુજરાત સ્કોલરશીપનું ફોર્મ ભરતા પહેલા નીચે મુજબના મુદ્દાઓને વિદ્યાર્થીએ વાંચી સમજી તેને ત્વરિત અનુસરવાના રહેશે.

- ડિજિટલ ગુજરાત સ્કોલરશીપના ઓનલાઇન ફોર્મ ભરતી વખતે **દરેક વિદ્યાર્થીએ પોતાના જ બેન્ક એકાઉન્ટની વિગતો આપવાની રહેશે.** તેમજ બેન્ક એકાઉન્ટ ચાલુ હાલતમાં હોવું જોઈએ. (જો વિદ્યાર્થીની પાસે પોતાનું બેન્ક એકાઉન્ટ ન હોય તો સૌપ્રથમ વિદ્યાર્થીએ બેંકમાં પોતાનું બેન્ક એકાઉન્ટ ખોલાવવું પડશે, ત્યારબાદ જ ઓનલાઈન ફોર્મ ભરવું).
- તેમજ તે **બેંક ખાતાનું "DBT ENABLE"** કરાવેલું પણ ફરજિયાત હોવું જોઈએ અને **બેંક એકાઉન્ટ સાથે વિદ્યાર્થીનો આધાર નંબર લિંક** કરાવેલો ફરજિયાત હોવો જોઈએ.
- વિદ્યાર્થીની પાસે જે રેશનકાર્ડ છે તે રેશનકાર્ડમાં વિદ્યાર્થીનું નામ હોવું જોઈએ તેમજ તે **રેશનકાર્ડનું ફરજિયાત "e-KYC"** કરાવેલું હોવું જોઈએ.
- વિદ્યાર્થીની પાસે **આવકનો દાખલો (Income Certificate) Expired** થયેલો ન હોવો જોઈએ. (એટલે કે આવકનો દાખલો જે તારીખે ઇસ્યૂ થયેલ છે તે તારીખ થી લઇ 3-વર્ષ સુધી માન્ય ગણાય છે ત્યારબાદ જો 3-વર્ષ પૂર્ણ થઇ ગયેલ હોય તો તમારે આવકનો દાખલો નવો કઢાવવાનો રહેશે અને ત્યારબાદ ફોર્મ ભરવું).
- તેમજ વિદ્યાર્થીની પાસે **જાતિનો દાખલો (Cast Certificate)** પણ ફરજિયાત હોવો જોઈએ.
- તેમજ OBC (SEBC) ના વિદ્યાર્થીની પાસે **નોન ક્રિમીલેયર (Non-Creamy Layer Certificate) Expired** થયેલો ન હોવો જોઈએ.

21/7/2025

(ડૉ. યોગેશ યાદવ)
આચાર્ય
સરકારી બીબીએ કોલેજ (સ્વ-નિર્ભર)
મણિનગર (પૂર્વ) , અમદાવાદ

Government B.B.A. College (Self-finance) Ahmedabad

# GOVERNMENT BBA COLLEGE (SELF FINANCE)

(Affiliated to Gujarat University)

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road, Maninagar (East),

Ahmedabad-380008 Phone:079-22933660

सत्यमेव जयते

Website: www.gbbamaninagar.org Email: principalgbba@gmail.com


તા.26/07/2025

## :: અગત્યની સુચના ::

## વિધાર્થીની ફરજિયાત 75% થી વધારે હાજરી હોવા અંગે નોટીસ

આથી અત્રેની સરકારી બીબીએ કોલેજ (સ્વ-નિર્ભર), મણિનગર (પૂર્વ), અમદાવાદ ખાતે શૈક્ષણિક વર્ષ: 2025-26 માં અભ્યાસ કરતા B.B.A . (FY / SY / TY) ના વિધાર્થીઓને જણાવવાનું કે, જે-જે વિધાર્થીઓને સ્કોલરશીપનો લાભ લેવા માટે ફોર્મ ભરવાના છે. તેવા વિધાર્થીઓના સ્કોલરશીપના ફોર્મનું વેરિફિશન કરતી વખતે સ્કોલરશીપના પોર્ટલ ઉપર વિધાર્થીઓની હાજરી અંગેની માહિતી ભરવાની થાય છે. જે માટે વિધાર્થીની કોલેજ ખાતે 75% થી વધારે હાજરી હોવી ફરજીયાત છે. **જો વિધાર્થીની કોલેજ ખાતે 75% થી વધારે હાજરી નહિ થતી હોય તો કોલેજ દ્વારા સ્કોલરશીપના પોર્ટલ ઉપર હાજરી અંગેની કોઇપણ પ્રકારની ખોટી માહિતી ભરવામાં આવશે નહિ. વિધાર્થીની સત્ર દરમિયાન જેટલી હાજરી થતી હશે તે જ માહિતી ભરવામાં આવશે.** જેથી કરીને વિધાર્થીઓએ કોલેજ ખાતે નિયમિત હાજરી આપવાની રહેશે. ત્યારબાદ જો વિધાર્થીની સ્કોલરશીપ ન આવે કે ઓછી આવે તો તે અંગેની જવાબદારી વિધાર્થીની પોતાની રહેશે. તે માટે કોલેજની કોઇપણ જવાબદારી રહેશે નહિ. જેની તમામ વિધાર્થીઓએ નોંધ લેવી.

Government B.B.A. College (Self-finance) Ahmedabad

26/7/25

(ડૉ. યોગેશ યાદવ)

આચાર્ય

સરકારી બીબીએ કોલેજ (સ્વ-નિર્ભર)

મણિનગર (પૂર્વ), અમદાવાદ